# 19. પપ્પા, હવે ફોન મૂકું ?

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:**

**1) દીકરીને હૉસ્ટેલ કેવી લાગે છે?**

(A) ફૂલ જેવી

(B) કાંટા જેવી

(C) ડાળખી જેવી

(D) કલરવ જેવી

**2) દીકરીના મતે માતા માટે કઈ બાબત લાગુ પડતી નથી?**

(A) ચિંતાતુર

(B) ભોળી

(C) ભુલકણી

(D) જિદ્દી

**3) 'ઝાઝી વાતુંનાં ગાડાં ભરાય' દ્વારા કવિ શું કહેવા માગે છે?**

(A) ઝાઝી વાતો ગાડામાં બેસીને કરવાનું કહે છે.

(B) લાંબી લાંબી વાતો કરવા માંગે છે.

(C) વાતો તો ખૂબ કરવી છે, ટૂંકમાં જ બધું સમજાવવા માંગે છે.

(D) ગાડાં ભરાય તેટલી બધી વાતો કરવા માંગે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4) 'STDની ડાળથી ટહુકું?' કહીને દીકરી શું કહેવા માગે છે?

(A) STD ફોન હવે બંધ થઈ ગયા છે.

(B) વૃક્ષની ડાળના બદલે STDની ડાળ ભૂલથી જ બોલાઈ ગયું છે.

(C) ફોનમાં કોયલના ટહુકાની રિંગટોન વાગે છે.

(D) પિતાજી સાથે મીઠી-મીઠી વાતો કરવા માગે છે.

2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

1) માતાનાં સ્વપ્નોને દીકરી ક્યારે યાદ કરે છે?

- પુત્રી પપ્પા સાથે ફોન પર વાત કરે છે ત્યારે મમ્મી બાજુમાં ઊભી હશે એમ સમજીને તે મમ્મીને યાદ કરાવે છે તારી દીકરી તારાં સપનાંઓ, અરમાનો ઊંઘમાં આંજે છે, અર્થાત્ એ ભૂલી નથી.

3. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

1) પિતા સાથેનો પુત્રીનો આત્મીય સંબંધ "પપ્પા, હવે ફોન મૂકું?" કાવ્યમાં કયા કયા શબ્દપ્રયોગો દ્વારા વ્યક્ત થાય છે?

- 'પપ્પા, હવે ફોન મૂકું?" પ્રશ્નથી શરૂ થતા કાવ્યમાં પુત્રી પિતાની પરવાનગી માગે છે, પિતાનો આદર જાળવે છે. તે પછીની પંક્તિથી પુત્રી પિતા સાથે ફોન પર વાત શરૂ કરે છે. પિતાને દૂર હૉસ્ટેલમાં ભણવા મૂકેલી દીકરીની ચિંતા હોય એ સમજી જાય છે એટલે તમને ય જરી મોજ આવે તે થયું મને હું STDની ડાળથી ટહુકું, એમ કહીને પિતાને ચિંતાથી હળવા ફૂલ કરવાની પુત્રીની ભાવના વ્યક્ત થાય છે. એ પછી ફોન પર પિતાના મનમાં ઊઠેલો પ્રશ્નનો જવાબ આપવા 'હૉસ્ટેલને?' સાથે વાત આગળ ચલાવે છે. એ શબ્દપ્રયોગ પણ પિતા-પુત્રીના આત્મીય સંબંધની પ્રતીતિ કરાવે છે. આ કાવ્યમાં 'હૉસ્ટેલ તો ફાવે છે', 'ફાગણના લીલા કુંજાર કોઈ ઝાડવાનું પાન એમ થાય નહિ સૂકું', 'મમ્મીબા જલસામાં ?...' અને અંતે 'ઝાઝી તે વાતુંનાં ગાડાં ભરાય ... કહું હાઈકુમાં, એટલે કે ટૂંકું', "તો પપ્પા! હવે ફોન મૂકું ?' જેવા લાડભર્યા શબ્દપ્રયોગો દીકરીની માતા-પિતાને ચિંતામુક્ત કરવાની ભાવના દર્શાવે છે. પિતા અને પુત્રીના લાગણીના તંતુ આ કાવ્ય દ્વારા વ્યક્ત થાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. મુદ્દાસર નોંધ તૈયાર કરો:

1) હૉસ્ટેલમાં રહેતી દીકરીનું દૃઢ મનોબળ

- હૉસ્ટેલમાં રહેતી દીકરી ત્યાંની અગવડોથી નાસીપાસ થતી નથી. તે પોતાના લક્ષ્ય તરફ ધ્યાન આપે છે. તેની મમ્મીનાં અરમાનોને પૂરાં કરવાં એ એનું એકમાત્ર લક્ષ્ય છે. આથી હૉસ્ટેલની કાંટાળી જિંદગીમાં પણ લીલાંછમ પાનની જેમ ખુશ રહે છે. આ તેનું દૃઢ મનોબળ દર્શાવે છે. 'મન હોય, તો માળવે જવાય' એ કહેવતને એણે જીવનમાં ઉતારી છે.

2) દીકરીની ઘર માટેની ચિંતા

- દીકરી દૂર હૉસ્ટેલમાં રહીને ભણે છે. જેમ મમ્મી-પપ્પાને એની ચિંતા થાય છે તેમ દીકરીને પણ મમ્મી-પપ્પાની ચિંતા છે. આથી તે પપ્પાને ફોન પર પોતે હૉસ્ટેલમાં લીલા કુંજાર ઝાડવાનાં પાન જેવી લીલીછમ છે, એટલે કે ખુશ છે એમ કહીને ચિંતા કરવાની જરૂર નથી એવું જણાવે છે. તેને મમ્મીની પણ ચિંતા છે. આથી પપ્પાને વિનમ્ર ભાવે કહે છે કે મમ્મી ભોળી, ચિંતાળુ અને ભૂલકણી છે તો એનું માઠું નહિ લગાડતા. ફ્રિજને બદલે પપ્પાએ સ્કૂટર લેવાની ઉતાવળ કરી હોવાથી હવે હપતા અને વ્યાજ ભરવાનું થવાનું હોવાથી આખું ઘર ગુસ્સો કરશે એવી પણ તેને ચિંતા છે.

5. કાવ્યપંક્તિ સમજાવો:

હૉસ્ટેલને? ... હૉસ્ટેલ તો ફાવે છે ... જેમ કે કાંટામાં સચવાતું ફૂલ

તોય એ તો ઊઘડે છે ... રંગભર્યું મ્હેકે છે ... ડાળખીમાં કરે ઝુલાઝૂલ.

- દીકરી પિતા સાથે ફોન પર વાત શરૂ કરે છે ત્યારે તેને ખબર છે કે પિતા પ્રશ્ન પૂછશે જ, એટલે એ પૂછે એ પહેલાં પોતે જ કહે છે: હૉસ્ટેલને?... હૉસ્ટેલ તો ફાવે છે ... છાત્રાલયનું જીવન કાંઈ ઘર જેવું ન હોય. થોડીઘણી અગવડો તો રહેવાની જ. એ તો જેમ કાંટામાં ફૂલ સચવાય એમ આટલી અગવડો વચ્ચે પણ તમારી આ ફૂલ જેવી દીકરી સચવાય છે. એમાં પણ તે આનંદથી રહે છે, ભણે છે અને એક ડાળીનાં પુષ્પો જેવી પોતાની સખીઓ સાથે મોજમજા કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in